# ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ

**બલરામ મંદિર પરીસર**
**સેકટર–૧૨/ડી,ઘ–રોડ**
**ઉમીયા મંદિર સામે, ગાંધીનગર**
**ફોનઃ–૦૭૯ ૨૩૨ ૨૧૯૭૬ / ૨૩૨ ૨૪૯૧૬**

**Email-bksgujarat1985@gmail.com / Website-www.bksgujarat.org.in**

---

**અખબારી યાદી** તા.૧૭/૧/૨૦૧૭

- નોટ પાબંધી બાદ વિશેષ કરીને આજે પણ ગ્રામિણ–પશુપાલકો દૂધ ઉત્પાદકો અને કિસાનોની પરિસ્થિતી અંગે ભારતીય કિસાન સંઘ ધ્વારા મા.મુખ્યમંત્રીશ્રીને રૂબરુ કરી રજુઆત
- તત્કાલ પગલાં લઈ એકશન પ્લાન સાથે કિસાનોની મુશ્કેલી અંગે ઉચ્ચકક્ષાએ સમિતી રચના અને સતત મોનીટરીંગ કરવાની માંગણી.

---

નોટ પાબંધી બાદ આજે બે માસ ઉપરાંતનો સમય થવા જઈ રહયો છે ત્યારે પણ ગ્રામિણ પ્રજામાં આજે નાણાંકીય જરૂરીયાતના કારણે ખૂબજ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે.ત્યારે નાના મધ્યમ વર્ગ અને લાખો દૂધ ઉત્પાદકો કે જેની આજીવિકા અને સામાજીક વ્યવહારો જેના થકી ચાલતા હતા તે દૂધનાં પેમેન્ટ આજે પણ પેન્ડીંગ છે.કેટલાય કિસાનોનાં ખાતાં નથી.છે તેમને પણ પૂરતાં પ્રમાણમાં નાણાં મળતા નથી.બેંકોમાં પૂરતી કેશ હજુ આવતી નથી.એ.ટી.એમ. પણ બંધ છે.ત્યારે કિસાનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે.આ સમગ્ર બાબતે આજ રોજ ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ નું પ્રતિનિધી મંડળ મા.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ને મળ્યા હતા.અને સમગ્ર ગુજરાત ની ગ્રામિણ પ્રજા અને દૂધ ઉત્પાદકો અંગે રજુઆતો કરી હતી.

પ્રતિનિધી મંડળમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી મગનભાઈ પટેલ,રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી અંબુભાઈ પટેલ,સંગઠન મંત્રીશ્રી અશોકભાઈ પટેલ,તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી શામળભાઈ પટેલ વગેરે હાજર રહી રજુઆતો કરી હતી.

ભવદીય,
વિઠ્ઠલ દુધાત્રા
વિઠ્ઠલ દુધાત્રા
મહામંત્રી
ભારતીય કિસાન સંઘ